# ‘હર ઘર દસ્તક’ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ ડોઝના ૬૩૧ લાભાર્થીઓને રસીકરણ

**અરવલ્લી જીલ્લામાં બીજા ડોઝના ૮૦,૭૦૪ લાભાર્થીઓનું કાઉન્સેલીંગ અને મોબીલાઈઝેશન કરી રસી અપાઈ : મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની રાહબરી હેઠળ ૧૧૭ ટીમોએ ૭૪,૬૦૧ ઘરોની રૂબરૂ મુલાકાત કરી**

બાયડ તા.૪

અરવલ્લી જીલ્લામાં “હર ઘર દસ્તક” કાર્યક્રમ અંતર્ગત તા. ૦૩ નવેમ્બરથી કોવિડ-૧૯ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીના તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ કોવિડ-૧૯ રસીકરણના પ્રથમ ડોઝ અને બીજા ડોઝના બાકી રહેતા લાભાર્થીનું ઘરે જઇ રૂબરૂ મુલાકાત દ્વારા “હર ઘર દસ્તક” અંતર્ગત રસીકરણની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા “હર ઘર દસ્તક” કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.જી. શ્રીમાળીની રાહબરી હેઠળ ૧૧૭ ટીમોએ ૭૪,૬૦૧ ઘરોની રૂબરૂ મુલાકાત દ્વારા તે ગામોના બાકી રહેલ પ્રથમ ડોઝના ૬૩૧ લાભાર્થીઓ અને બીજા ડોઝના ૮૦૭૦૪ લાભાર્થીઓનું કાઉન્સેલીંગ અને મોબીલાઈઝેશન કરી કોવિડ-૧૯ રસીના ડોઝ આપી રસીથી સુરક્ષિત કરાયા. તેમજ જીલ્લામાં કોવિડ-૧૯ રસીકરણથી બાકી રહેતા તમામ ૧૮ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓનું રસીકરણ



કરાવી કોવિડ-૧૯ થી રક્ષીત થાય તેવું વહીવટી તંત્રનું આહવાન છે.

# કલા અને સાંસ્કૃતિક ઈતિહાસ સાથે સંકળયેલા અરવલ્લી જીલ્લાના લોકો તથા વિદ્યાર્થીઓ પોર્ટલની વિઝિટ કરી શકશે

**એંડ્રોઇડ અને IOS ડીવાઇસ દ્વારા Indian Culture એપ ડાઉનલોડ કરી પોર્ટલની મુલાકાત લઇ શકાશે**

બાયડ તા.૪

ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા “નેશનલ વર્ચ્યુઅલ લાઈબ્રેરી ઓફ ઈન્ડીયા” (N.V.L.T.) પ્રોજેક્ટ કે જે ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલયના અનુદાન ધ્વારા તૈયાર થયેલ છે અને જેને I.I.T.Bombay ની ટીમ દ્વારા ડિઝીટલી તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના એક ભાગ રૂપે I.I.T.Bombay દ્વારા “Indian Culture Portal” ને સફળતા પૂર્વક વિકસીત કરવામાં આવે છે અને આ પોર્ટલમાં ભારતના સાંસ્કૃતિક વારસા અને ઈતિહાસને ઉત્તમ રૂપે ઉજાગર કરવામાં આવે છે. આ પોર્ટલ ને વધુને વધુ સમૃધ્ધ કરવા માટે ઈતિહાસ, સમાજશાસ્ત્ર અને અન્ય આનુષાંગિક વિષયોના નિષ્ણાંતો ધ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ પોર્ટલમાં ગુજરાતના કલા, સાંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને લગતી ઘણી જ ઉત્તમ પ્રકારની માહિતી ઉપલબ્ધ હોવા ઉપરાંત ભારતના બધા જ રાજ્યો અને પ્રાંતોના સાંસ્કૃતિક વારસાને પણ ખુબ જ ઉંડાણ પૂર્વક દર્શાવવામાં આવ્યો છે. આ સાથે જ કલા અને સાંસ્કૃતિક ઈતિહાસ સાથે સંકળયેલા લોકો તથા વિદ્યાર્થીઓને આ પોર્ટલ પરથી ઘણી જ ઉત્તમ પ્રકારની માહિતી ઉપલબ્ધ થઈ શકે માટે અરવલ્લી જીલ્લાના વધુમાં વધુ લોકો આ પોર્ટલની વિઝિટ કરે તે બાબતે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ પોર્ટલની માહિતી https://indianculture.gov.in આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે તથા એંડ્રોઈડ અને IOS ડીવાઈસ (મોબાઈલ) દ્વારા Indian Culture એપ ડાઉનલોડ કરી પોર્ટલની મુલાકાત લઈ શકાય છે.

# સાયકલ રાઈડરો ઐતિહાસિક નગરી વડનગરના વારસાથી પરિચિત થયા








મહેસાણા, તા. ૪

હસતે હસતે કટ જાય રસ્તે ’ આ ઉક્તિ રોચક પ્રવાસ સાયકલ યાત્રા દરમિયાન સાર્થક થઈ હતી. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહેસાણાથી વડનગર સુધી સાયકલ રાઈડરો દ્વારા ૩૬ કિલોમીટરનો પ્રવાસ પુર્ણ કર્યા બાદ ઐતિહાસિક નગરીના વિવિધ સ્થળોથી અવગત થયા હતા. આ પ્રસંગે જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે ૭૫ મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડનગરના સમૃધ્ધ, સાંસ્કૃતિ, વારસાથી પરિચિત કરવાના હેતુથી પ્રવાસનું આયોજન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહ્યુ છે. ‘વડનગરનો વારસો’ ના ઐતિહાસિક સ્થળોને ઉજાગર કરવાના હેતુથી ૧૫૦ થી વધુ સાયકલ રાઈડરો મહેસાણાથી વડનગરની સાયકલ યાત્રામાં જોડાયા છે. જિલ્લા કલેકટર ઉદિત અગ્રવારે ઉમેર્યું હતું કે વડનગરમાં આ સાયકલ રાઈડરો લટેરીની વાવ,અમ્બિકા કથા તળાવ,કિર્તી તોરણ, સપ્તર્ષિ અરો, મ્યુઝિયમ સાઈટ,શર્મિષ્ઠા તળાવ,તાના-રીરી ગાર્ડન,બુધ્ધ સ્તુપ,રેલ્વે સ્ટેશન સહિત હાટકેશ્વર મહાદેવ મંદિરની મુલાકાલ લઈ વડનગરથી ઐતિહાસિક ધરોહરથી પરીચીત થયા હતા. વડનગર ઐતિહાસિક અને સાંસ્કૃતિ રીતે વિશેષ મહત્વ ધરાવે છે. આ ધરતી પર ગજબની સાંસ્કૃતિક શક્તિ રહેલી છે. વડનગર સમૃધ્ધ અને બેનમૂન વારસો ધરાવે છે જે વડગનરની પ્રાચીન ગરિમાને વ્યક્ત કરે છે જે વારસો નાગરિકો સુધી પહોંચે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે.

‘આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ’

# જિલ્લાના છેવાડાના દિવ્યાંગજન સુધી સરકારી સહાય પહોંચાડવા વહિવટી તંત્ર સક્રિય

**૨૧ પ્રકારના દિવ્યાંગજનોને મળી રહ્યો છે સરકારી યોજનાઓનો સધિયારો**

બાયડ તા.૪

સાબરકાંઠાના હિંમતનગરની માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થા મોતીપુરા ખાતે જિલ્લા સમાહર્તા હિતેષ કોયાની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૨થી યુ.નો. દ્વારા ૩જી ડિસેમ્બરને “આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ” તરીકે ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું કે, દિવ્યાંગજનો સમાજનો એક હિસ્સો છે. તેમના પ્રત્યે સમાનતા, સમભાવ અને તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ કેળવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. જેનું આ વર્ષનું થીમ છે-“કોવિડ-૧૯ પછીના સર્વ સમાવેશક, સુલભ અને સુચારૂ વિશ્વ તરફ વિકલાંગ વ્યક્તિઓનું નેતૃત્વ અને સહભાગિતા”. કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનોને આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને માનસિક સધિયારો મળી રહે તે માટે અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે.

દિવ્યાંગજનોને તેમના આઈ.ડી. બસ પાસ સરળતાથી



મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ ખાતેથી તેઓની દિવ્યાંગતનું મેડિકલ સર્ટિફિકેટ સરળતાથી મળી રહે તે માટેની પ્રક્રિયા સરળ કરાઈ છે. જેથી દિવ્યંજનોને માસિક પેંશન, આરોગ્ય તેમજ શૈક્ષણિક સહાય તેમજ સાધન પુરા પાડી તેઓ કોઈપણ બાબતે સામાન્ય માણસથી પાછળ ન રહી જાય તેની પૂરતી તકેદારી સરકાર રાખી છે.

સમાજ સુરક્ષા અધિકારીશ્રી મહેશ પટેલે દિવ્યાંગો માટે સરકાર દ્વારા અમલી બનાવાયેલી યોજના સાથે કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનોને યુનિક આઈ.ડી. કાર્ડ આપવાનું અભિયાન શરુ કરાયું છે. આધાર કાર્ડની જેમ આ કાર્ડ સમગ્ર દેશમાં વિવિધ યોજના માટે ઉપયોગી બનશે. તેની જાણકારી આપી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.ગોપલાણી દ્વારા સંસ્થાની પ્રવૃત્તિ અંગે વિગતવાર માહિતી આપી હતી. જિલ્લા સમાજ સુરક્ષા દ્વારા અમલી દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓના મંજુરી હુકમ તથા સહાયનું વિતરણ કલેકટર તથા મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ કલેક્ટર દ્વારા રમત ગમત ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરેલા દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાથમિક શિક્ષણાધિકારી ચૌધરી, સંસ્થાના ટ્રસ્ટી ડૉ.મહેન્દ્રભાઈ સોની, રાષ્ટ્રીય અંધજન મંડળ ઈડરના શ્રીમતી પ્રવિણાબેન મહેતા, સોનલબેન દોશી, સવજીભાઈ ભાટી, જીતુભાઈ પટેલ, (ઈ.આ) રાજુભાઈ રાઠોડ, જિલ્લામાં કાર્યરત દિવ્યાંગ કલ્યાણકારી સંસ્થાઓના હોદ્દેદારો તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૧૦ જગ્યાએથી વિજચોરી ઝડપાઇ

**વહેલી સવારે વીજ કંપની દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામા રેડ કરી સાડા પાંચ લાખની વિજ ચોરી ઝડપી પાડી : પ્રાંતિજ સહિત તાલુકામાં વિજ ચોરી કરતા અન્ય વિજ ચોરોમાં ફફડાટ : પ્રાંતિજ વ્હોરવાડ, વાધપુર, બાલીસણા, લીમલામાંથી વિજ ચોરી ઝડપાઇ**

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વ્હોરવાડ સહિત પ્રાંતિજ તાલુકાના વાધપુર , બાલીસણા , લીમલા ખાતે થી પ્રાંતિજ-હિંમતનગર વિજ ટીમ દ્વારા વહેલી સવારે રેડ કરતા સાડા પાંચ લાખ ની વિજ ચોરી ઝડપી પાડી હતી

પ્રાંતિજ વિજ કંપની તથા હિંમતનગર વિજ કંપની દ્વારા શનિવારની વહેલી સવારે હિંમતનગરથી વિજ કંપનીની પાંચ ટીમ તથા પ્રાંતિજ વિજ કંપનીની બે ટીમ બનાવી પ્રાંતિજ સહિત તાલુકા મા વિજચોરી સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજના વ્હોરવાડ વિસ્તારમાં તથા પ્રાંતિજના વાધપુર , લીમલા , બાલીસણા સહિત કુલ-દશ જગ્યાએથી વિજચોરી ઝડપી પાડી હતી જેમા કુલ-સાડા પાંચ લાખ નો દંડ ફટકારવામા આવ્યો છે અને તમામે-તમામ વિજ ચોરી કરનાર ગ્રાહકો નુ વિજ જોડાણ પણ કાપી નાખવામા આવ્યુ હતુ અને જયા સુધી વિજ ચોરી દડ સહિત ની રકમ નહી ભરવામા નહી આવે ત્યા સુધી વીજ પુરવઠો ચાલુ કરવામા આવશે નહી ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા માંથી ૧૦ જેટલી જગ્યાએ થી વિજચોરી ઝડપાઈ આવતા વીજ ચોરી કરતા અન્ય વિજ ચોરોમા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પાલનપુરમાં હનુમાન ટેકરીએ શિક્ષિકાને ટક્કર મારી મોત નિપજાવનાર ઈકો ચાલક ઝડપાયો

**સીસીટીવી ફૂટેજના આધારે આકેડી ગામના ચાલકને ઝડપી કોર્ટમાં રજૂ કરતા જામીન નામંજૂર કરાયા**

પાલનપુર તા.૪

પાલનપુર આબુ હાઈવે પર હનુમાન ટેકરી પાસે થોડાક દિવસ અગાઉ સ્કૂટર ઉપર જતી એક શિક્ષિકાને ઈકો કારચાલકે અડફેટમાં લઈને નાસી છૂટ્યો



હતો. જ્યાં ઈજાગ્રસ્ત મહિલાનું સારવાર દરમ્યાન તેનું મોત નિપજયું હતું. આ અંગે પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં દરેક સીસી કેમેરા ફૂટેજ ચેક કરતાં ગાડીનો નંબર મળી આવ્યો હતો. તેનું પગેરું પાલનપુર તાલુકાના આકેડી ગામે મળતા ભાગી જનારાઓ કારચાલક ગાડી સાથે ઝડપાઈ જતા તેને પાલનપુર કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો.

પાલનપુર આબુ હાઈવે આસ્થા સોસાયટીમાં રહેતા મીતાબેન રાજુભાઈ રાવલ દસ દિવસ અગાઉ તેમનું એક્ટિવા લઈ સ્કૂલ જવા નીકળ્યા હતા. જોકે, હનુમાન ટેકરી પાસે ઈકો ગાડીના ચાલકે ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમને સિવીલમાં સારવાર બાદ પ્રાઈવેટ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. તે દરમ્યાન સારવાર દરમ્યાન મોત થયું હતું. તેની ફરિયાદ પશ્ચિમ પોલીસમાં નોંધાતા પીએસઆઈ પી.એસ. ગઢવીએ તેમના સ્ટાફ સાથે હાઈવે ઉપરના તમામ સીસી કેમેરા ફૂટેજ ચેક કરતાં જેમાંથી ઈકો ગાડી નો નંબર મળી આવ્યો હતો.જેના આધારે પાલનપુર તાલુકાના આકેડી ગામે તપાસ કરતાં ચાલક સુરેશ પરમારને ગાડી સાથે ઝડપી પાડ્યો હતો. ગાડી કબ્જે કરી પશ્ચિમ પોલીસમાં લવાયો હતો. અને શુક્રવારે કોર્ટમાં રજુ કરાયો હતો જ્યાં પણ તેના જામીન નામંજૂર કર્યા હતા.

# ડીસા તાલુકાના રાણપુર ગામે રેતી ચોરીનું નેટવર્ક ઝડપાયું : રેતી ભરેલ ડમ્પર અને મશીન કબજે કરાયું

ડીસા, તા. ૪

ડીસા તાલુકાના રાણપુર ગામની બનાસ નદીમાં મોડી રાત્રે ટ્રેકટર દ્વારા અચાનક





પહોંચેલી ભૂસ્તર વિભાગની ટીમે રેતીની ચોરી કરતા ડમ્પર અને મશીન કબજે કરી ડીસા તાલુકા પોલીસ મથકે લાવી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બનાસ નદીની કિંમતી રેતીની માંગ સતત વધી રહી છે. જેના પગલે રેતીની ચોરી પણ મોટા પ્રમાણમાં થાય છે ત્યારે મોડી રાત્રે ટીમે ખનનના નેટવર્કને ઝડપી પાડ્યું હતું.જિલ્લા ભૂસ્તર વિભાગ દ્વારા અવાર નવાર ખાનગી રાહે સતત ચેકીંગ કરવામાં આવી રહ્યું છે અને મોટા પ્રમાણમાં રોયલટી ચોરી ઝડપી પાડી દન્ડ વસુલ કર્યો છે ત્યારે શુક્રવારે રાત્રે રાણપુર ગામે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોશીની ટીમ આકસ્મિક ગામમાં પહોંચી હતી અને નદીના પટમાં રેતીનું ખનન થતું હોવાની માહિતી આધારે વોચ ગોઠવી હતી.જેમાં ટ્રેકટરમાં બેસી રેતીની ચોરી થતી હતી તે સ્થળે પહોંચી હતી અને રેતી ભરેલ ડમ્પર અને મસીન કબજે કર્યા હતા.ત્યારબાદ મુદ્દામાલ ડીસા તાલુકા પોલીસ મથકે લાવી દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી જોકે પ્રાથમિક તપાસમાં આ રેતી ચોરી ડાવસ ગામના મુકેશ પટેલ દ્વારા થતી હોવાનું સામે આવ્યું હતું.


## જુનાડીસા - વાસણા રોડ ઉપર રેતી ભરેલા ડંપરોનો ત્રાસ

ડીસા નજીકના જુનાડીસા- વાસણા રોડ ઉપર બનાસ નદીમાંથી રેતી ભરીને ડંપરો રાત- દિવસ દોડી રહ્યાં છે. જેના કારણે રોડ જર્જરિત બની ગયો છે અને પાણીની પાઈપો પણ ઠેરઠેર તૂટી ગઈ છે.ડમ્પર ચાલકો ઉલટાનું આવરણ ઢાંકયા વગર રેતી ભરીને બેફામ ઝડપે દોડી રહ્યા છે. જેમનો ત્રાસ વધી ગયો હોવાનો બળાપો પૂર્વ ડેલીગેટ પરબતજી રાઠોડે ઠાલવ્યો હતો.

## જન્મદિને વધામણી



ડો. સાર્થક
ડો.સુનિલભાઈ શાહ
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ



ડો.સુનિલભાઈ કે.શાહ
અમદાવાદ(આકુંદ)



જીતેનભાઈ શાહ
ધનસુરા



ધર્મેન્દ્ર જોશી
બાયડ



જાનવી મહેશભાઈ
ઉપાધ્યાય
વલ્લભ નગર સોસાયટી
બાયડ



ઉર્વા હાર્દિકભાઈ પટેલ
મો.૯૪૨૬૫ ૨૪૮૨૧
મું.રૂપાલકંપા,
તા.હિંમતનગર
જી.સાબરકાંઠા.



શૈલેષ ભીખાભાઈ પરમાર
અદાના છાપરા તા.બાયડ

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન